ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# શહેરમાં ડેન્ગ્યુના ૪૨૫ કેસ

### શહેરમાં ૨૪૫ જેટલા ડેન્ગ્યુના કેસ નોંધાયા : તંત્ર પણ કયા મોરચે લડે છે તેની ખબર જ નથી પડતી

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળાએ માથુ ઉંચકતાં તંત્ર દોડતુ થયુ છે. શહેરમાં ૪૨૫થી વધુ ડેન્ગ્યુના કેસો નોંધાયા છે.

ગાંધીનગરમાં વિધાનસભાની આવી રહેલી ચૂંટણીઓને પગલે વધેલી વી.વી.આઈ.પી. વિઝીટ, નેશનલ ગેમ્સ, ગરીબ કલ્યાણ મેળા જેવા કાર્યક્રમોના આયોજનને પગલે તંત્રની કામગીરીના ભારણમાં ધરખમ વધારો થયો છે. કોરોના અને સ્વાઈન ફ્લુના વધતા જતા કેસો વચ્ચે ડેન્ગ્યુ અને અન્ય વાહકજન્ય રોગો તેમજ વાઈરલ ફિવરના કેસો વધી રહ્યા છે એટલે તંત્ર કયો મોરચો સંભાળી રહ્યુ છે તે જ ખબર પડતી નથી.

ડેન્ગ્યુ અને વાહકજન્ય રોગચાળા માટે શહેરમાં ૧૦૦થી વધુ ટીમો સર્વેલન્સની કામગીરી કરી રહી છે. શહેરમાં છેલ્લા બે દિવસમાં જે વરસાદી વાતાવરણ જામ્યુ છે તેને પગલે મચ્છરોની ઉત્પત્તિ માટે વધુ સાનુકૂળ પરિસ્થિતિ ઉભી થઈ હોવાથી તંત્રની દોડધામ વધી જવા પામી છે.

વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થાના અભાવે પાણી ભરાઈ રહેવાની ફરિયાદો પણ ઉઠી છે. વાતાવરણમાં આવેલા પલ્ટાને પગલે આ કેસો આગામી દિવસોમાં વધે તેવા પુરેપુરા સંકેતો વચ્ચે તંત્રએ એન્ટી લારવેલ અને માસ ફોગીંગ સહિતની કામગીરીને સઘન બનાવવાની રણનીતિ તૈયાર કરી છે.

મળતી વિગતો પ્રમાણે ડેન્ગ્યુ ઉપરાંત મેલેરિયા તેમજ ચિકનગુનિયાના કેસોએ જે દેખા દીધી છે તે ચિંતાજનક છે. મેલેરિયાના કેસોમાં અગાઉની સરખામણીમાં ઘટાડો જોવા મળ્યો છે. જો કે ઝેરી મેલેરિયાના છુટા છવાયા કેસો મળતાં તંત્ર સતત દોડધામ કરતુ જણાયુ છે.

કન્સ્ટ્રક્શન સાઈટો પર મજૂરોના સ્ક્રીનીંગની કામગીરીને પણ સઘન બનાવવામાં આવી છે. શહેરમાં ૧૦૦ જેટલી કન્સ્ટ્રક્શન સાઈટો હાલ કાર્યરત છે.

શહેરમાં આજે પણ ડેન્ગ્યુના રોજના ૧૫ થી ૨૦ કેસ સરેરાશ નોંધાઈ રહ્યા છે. સરકારી દવાખાનાઓ ઉપરાંત ખાનગી દવાખાનાઓમાં પણ દર્દીઓની ભીડ જોવા મળી રહી છે.

વાઈરલ ફિવરની બિમારીના કેસો પણ વધી રહ્યા છે જે તંત્રની ચિંતા વધારી રહ્યા છે.



વધુ એક વખત ભૂવો - શહેરમાં ભૂવા હજુ પીછો છોડતા નથી... વરસાદ પડ્યો, ના પડ્યો ત્યાં ફરી વખત ભૂવા પડવાના શરૂ થયા છે... શહેરના રાજમાર્ગથી સેક્ટર-૭માં જવાના કટ પર સતત બીજી વખત ભૂવો પડતાં વાહન ચાલકો અને વસાહતીઓ હાલાકી ભોગવી રહ્યા છે... આ ચોમાસામાં ગાંધીનગરે ખાડા રાજનો ખૂબ અનુભવ લીધો છે... શહેરનો એકપણ માર્ગ એવો નહિ હોય કે જ્યાં ભૂવો ન પડ્યો હોય...

## ગુડામાં આઉટ સોર્સના કર્મચારીઓને ઔડાની જેમ પગાર વધારાનો અમલ

### આઉટ સોર્સના કર્મચારીઓને ૧૫ ટકા પગાર વધારો જયારે ટુંકા ગાળાની નોકરી હોય તેવા કિસ્સામાં ૫ ટકાનો વધારો

ગાંધીનગર તા ૮

એકબાજુ મોંઘવારી દિવસે ને દિવસે વધી રહી છે. ત્યારે આમ નાગરિકોએ આર્થિક ભીંસમાં મુકાવાનો વારો આવ્યો છે. આ સ્થિતિ વચ્ચે ટુંકા પગારમાં ઘર ચલાવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. ગુડામાં આઉટ સોસિંગથી કામ કરતા કર્મચારીઓના પગારમાં ૧૫ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. ગુડાના આઉટ સોર્સિંગથી કામ કરતા કર્મચારીઓ લાંબા સમયથી પગાર વધારા માટે રજુઆત કરતા હતા જયારે આ કર્મચારીઓના પગારમાં ૧૫ ટકાનો વધારો કરી દેવાયો છે. આ મામલે જેમની નોકરી ટુંકા ગાળાની હોય તેમના પગારમાં ૫ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. પગાર વધારાનો અમલ પણ શરૂ કરી દેવાયો છે.

કરાર આધારિત અને વય નિવૃત કર્મચારીઓને નિમણુંક હોય તેમનો અને પટાવાળા તેમજ ડ્રાઈવરને ઔડાના ધોરણે પગાર વધારો આપવામાં આવ્યો છે. જયારે આઉટ સોર્સના જે કર્મચારીઓને ૧૫ ટકા વધારો આપવામાં આવ્યો છે જેમાં ડેપ્યુટી કેડર મેનેજર , અધિક મદદનીશ ઈજનેર , આશિષ્ટન્ટ કેડર મેનેજર સર્વેયર, આશિષ્ટન્ટ ટુ પ્લાનીંગ આશિષ્ટન્ટ તેમજ ડિપ્લોમાં સર્વેયરનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત વય નિવૃત બાદ , કરાર આધારિત નિમણુંક પામેલા અધિકારી,કર્મચારીઓના કિસ્સામાં તેમને મળતા માસિક એકત્રિત વેતનમાં સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ આધારે વધારો કરવામાં આવશે. જયારે વય નિવૃત કિસ્સામાં સાતમાં પગારપંચ મુજબના બેઝિક પગારના ૩૫ ટકા મુજબ અથવા રૂપિયા ૧૯૫૦૦ પૈકી જે વધારે હોય તે મુજબ ગણતરી કરીને વધારો માન્ય કરાયો છે. જયારે આમાં ઔડાના ધોરણો ફોલો કરાયા છે. જુનિયર નગર નિયોજક , સુપરવાઈઝર, એસ્ટેટ સિનિયર કલાર્ક અને ઈન્ફ્રા અને સિનિયર કલાર્ક વહીવટ તથા ઓટોકેડ ઓપરેટરનો સમાવેશ કરાયો છે. આ ઉપરાંત ડ્રાઈવર અને પટાવાળાને ૧૬૨૨૪નો પગાર ઔડાના ધોરણે નિયત કરીને એજન્સીને પી એફ તેમજ ટેકસ કાપીને પગાર ચુકવવાની શરતે આ વધારો મંજુર કરવામાં આવ્યો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. રાજય સરકારના વિવિધ વિભાગો તેમજ કચેરીઓમાં આઉટસોર્સ એજન્સી મારફત લેવાતા સેવા અને માનવબળ માટે લઘુત્તમ વેતનના અધિનિયમ હેઠળ સમાવિષ્ટ વ્યવસાયો બાબતે ડિસેમ્બર ૨૦૧૪ થી લઘુત્તમ વેતન દર લાગુ કરવાનો નિર્ણય લેવાયો હતો. જયારે આ અન્વયે દર છ મહીને ખાસ ભથ્થામાં વધારો કરવામાં આવે છે. જયારે આ મુજબ ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા પણ આઉટસોર્સ કર્મચારીઓને ડિસેમ્બર ૨૦૨૦માં ખાસ ભથ્થામાં રૂ ૫૨૦ નો વધારો આપવામાં આવ્યો હતો. આમ ગુડામાં આઉટ સોર્સથી કામ કરતા કર્મચારીઓના પગાર વધારનો અમલ શરૂ કરી દેવાતા આનંદની લાગણી વ્યાપી છે.

## આજે શરદ પૂનમની રાત્રે ફરી શહેરમાં ઢોલ ઢબુકશે

### શહેરના વિવિધ સમાજ અને સંગઠનો દ્વારા સભ્ય પરિવારો માટે રાસ-ગરબાના આયોજન : શેરી નવરાત્રીઓના ચોકમાં પણ ફરી રાસ-ગરબાં રમાશે : દૂધ-પૌંઆ સાથે ચટાકેદાર નાસ્તાની જ્યાફતો ઉડશે

ગાંધીનગર, તા.૦૮

ગાંધીનગરમાં તા.૯મી ઓક્ટોબર રવિવારના રોજ શરદ પૂર્ણિમાના તહેવાર નિમિત્તે ફરી એકવાર ઢોલીડાંના ઢોલ ઢબુકી ઉઠશે અને ફરી ગરબાપ્રેમી શહેરીજનો પરંપરાગત પરિધાનમાં સજ્જ થઈને રાસ-ગરબાની મોજ માણશે. જોકે આ વખતે શહેરમાં ખાનગી પાર્ટી પ્લોટના ગરબાનું સ્થાન વિવિધ સમાજ અને સંગઠનોના ગરબાના આયોજનો લેશે અને તે સાથે શહેરમાં નવરાત્રી દરમ્યાન જ્યાં જ્યાં શેરી ગરબાં યોજાયા હતા તેવી સોસાયટીઓ કે વસાહતોના ચોકમાં તો ગરબાંની ધૂમ જામશે જ. શરદપૂનમે શહેરમાં અનેક સમાજ અને સંગઠનો દ્વારા તેમના સભ્ય પરિવારો માટે રાસ-ગરબાંના આયોજનો કરવામાં આવ્યાં છે જેના કારણે ખેલૈયાઓ પારિવારિક માહોલમાં ગરબાનો આનંદ માણશે.

નવરાત્રી બાદ આવતી આસો સુદ પૂનમે શરદ પૂર્ણિમાના તહેવારે સોળે કળાએ ખીલેલા ચંદ્રમાની શીતળ ચાંદનીમાં દૂધ-પૌંઆ અને ચટાકેદાર નાસ્તા સાથે રાસ ગરબાના આયોજન કરવામાં આવે છે. આમ તો જે વસાહતો કે સોસાયટીઓ શેરીઓમાં નવરાત્રીની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હોય છે તે જ ચાચર ચોકમાં શરદપૂનમના રાસ ગરબા આયોજીત કરાતા હોય છે પરંતુ તે સાથે ખાસ કરીને શહેરમાં વિવિધ સમાજ સંગઠનો દ્વારા શરદ પૂર્ણિમાની રાત્રે રાસ ગરબાનું આયોજન કરવાનું ચલણ જોવા મળે છે. નવરાત્રિ દરમિયાન શહેરમાં વિવિધ ખાનગી પાર્ટી પ્લોટમાં મોટા ઉદ્યોગની ઝાકમઝોળ ખેલૈયાઓની આકર્ષે છે પરંતુ શરદ

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં વન આરક્ષિત વિસ્તારની તુટેલી ફેન્સીંગનો સર્વે હાથ ધરાશે

### સર્વેના અંતે રીપોર્ટ વન વિભાગને સુપ્રત કરાયા બાદ મુખ્યમાર્ગો આસપાસ સ્થિત ફેન્સીંગનુ નવિનીકરણ હાથ ધરાશે

ગાંધીનગર તા ૮

ગાંધીનગર શહેરમાં વિકાસના નામે હરિયાળીનુ નિકંદન વળી રહ્યુ છે. માર્ગ નિર્માણ તેમજ નવા બિલ્ડીંગો બાંધવા માટે પણ હરિયાળીનો સોથ વળી રહ્યો છે. ત્યારે શહેરનો વન આરક્ષિત વિસ્તાર પણ છેલ્લા બે વર્ષથી ઉજ્જડ હાલતમાં છે. વન આરક્ષિત વિસ્તારમાં દબાણો વચ્ચે ગંદકીના ઢગ ખડકાયા છે. જયારે તુટેલી ફેન્સીંગના લીધે વન વિસ્તાર ખુલ્લો થઈ ગયો છે. જેથી રખડતા ઢોર પણ હાલ વન વિસ્તારમાં જ અડ્ડો જમાવીને બેઠા છે. આ સ્થિતિ વચ્ચે સેકટરોના રહીશો પણ પરેશાન છે. જેને અનુલક્ષીને હવે વનતંત્ર દ્વારા વન આરક્ષિત વિસ્તારનો સર્વે હાથ ધરી તુટેલી ફેન્સીંગનુ નવિનીકરણ કરવાનો નિર્ણય લેવાયો છે. આ મામલે ટુંકમાં રીપોર્ટ તૈયાર થઈ ગયા બાદ ઉચ્ચ કક્ષાએ રજુ કરવામાં આવેશે જેના અંતે ફેન્સીંગનુ કામ હાથ ધરવામાં આવશે.

ગાંધીનગરમાં વન આરક્ષિત વિસ્તારમાં ખદબદતી ગંદકી વચ્ચે નાના મોટા દબાણો પણ વધ્યા છે. છેલ્લા ઘણાં સમયથી વન વિસ્તારમાં કોઈપણ પ્રકારની સફાઈ પણ કરવામાં આવી નથી જયારે નીલગાય સહીતના રખડતા ઢોરનો પણ વન આરક્ષિત વિસ્તાર અડ્ડો બન્યો છે. વન વિસ્તારમાં દર વર્ષે વરસાદી દિવસોમાં નવા રોપાઓની વાવણી કરવામા આવે છે. પરંતુ છેલ્લા બે વર્ષથી આ જગ્યાએ કોઈપણ પ્રકારની જાળવણી ન થતા ઠેર ઠેર કચરાના ઢગ વચ્ચે દબાણો પણ અસ્તિત્વમાં આવ્યા છે. વન વિસ્તારને અનુલક્ષી અગાઉ બનાવામાં આવેલી ફેન્સીંગ પણ તુટેલી હાલતમાં છે. જેના લીધે મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વન વિસ્તારમાં પ્રવેશવાનુ પણ દબાણકર્તાઓ માટે સરળ બન્યુ છે. શહેરના ઉભા અને આડા માર્ગો આસપાસ સ્થિત વન વિસ્તારમાં ઝુંપડા સહીત લારી ગલ્લાના દબાણોએ અડ્ડો જમાવ્યો છે. આ સ્થિતિ વચ્ચે હરિયાળીને પણ નુકશાન થઈ રહ્યુ છે. જયારે વન વિસ્તારની તુટેલી ફેન્સીંગના લીધે ઠેર ઠેર મોટા ગાબડા જોવા મળે છે. આ સ્થિતિ વચ્ચે હરિયાળીનુ પણ નિકંદન વળી રહ્યુ છે. નવા રોપાઓની વાવણી બાદ તેની જાળવણી કરવાનુ મુશ્કેલ બન્યુ છે. લીમડાના રોપા નીલગાયને પસંદ હોવાના લીધે નવા રોપાઓની વાવણીનો પણ હેતુ સરતો નથી. વન આરક્ષિત વિસ્તારમાં સિમેન્ટના થાંભલાવાળી ફેન્સીંગના પોલ્સ પણ ઠેર ઠેર તુટેલા છે. જયારે ત્યારબાદ કેટલાક ઠેકાણે કરવામાં આવેલી તાર ફેન્સીંગનુ પણ હાલ ઠેકાણુ નથી વન આરક્ષિત વિસ્તાર ચિથરેહાલ જોવા મળે છે. જેને અનુલક્ષીને આખરે હવે વનતંત્ર દ્વારા વન વિસ્તારનો સર્વે કરવામાં આવી રહ્યો છે. જેમાં તુટેલી ફેન્સીંગનો તાગ મેળવવા માટે હાથ ધરોયલી આ સર્વેની પ્રકીયાના અંતે રીપોર્ટ તૈયાર કરવામાં આવશે. જયારે સર્વેના અંતે રીપોર્ટ તૈયાર કરી દેવાયા બાદ ફેન્સીંગની કામગીરી હાથ ધરવા માટે રીપોર્ટ વનવિભાગને સુપ્રત

● અનુસંધાન પાન-૭ પર



વાદળછાયું વાતાવરણ - સતત ત્રીજા દિવસે શહેરનું આકાશ વાદળછાયું રહ્યું હતું... જોકે, વરસાદ થંભી ગયો હતો... પરંતુ માહોલ આસોમાં અષાઢનો હોય એવું અનુભવાતું હતું... ત્રણ-ત્રણ દિવસ સુધી વરસાદના છાંટણા અને વાદળછાયું વાતાવરણ બિમારીને આમંત્રણ આપે, મચ્છરોના ઉપદ્રવ માટે ખૂબ જ સાનુકૂળ વાતાવરણ સર્જાતું હોય એમ જણાય છે... આવા વાતાવરણમાં સૌએ કાળજી લેવી અનિવાર્યતા છે...

## જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના ૩ કેસ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના આજે વધુ ૩ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આ ત્રણેય કેસ નોંધાયા છે. શહેરમાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો નથી.

શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં જે ચડાવ-ઉતારની સ્થિતિ જોવા મળી રહી છે તેણે તંત્રની ચિંતા વધારી છે. તંત્રએ વેક્સિનેશન અભિયાન અને સર્વેલન્સ સઘન કરવાની સૂચનાઓ આપી છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાં બે અને કલોલમાં એક કેસ કોરોનાનો નોંધાયો છે. ગાંધીનગર અને કલોલ તાલુકો અગાઉની કોરોના લ્હેરમાં પણ સંવેદનશીલ બન્યા હતા તેથી તંત્રની ચિંતા વધી છે.

આજે નોંધાયેલ કેસમાં બે મહિલા દર્દી છે. મહિલા દર્દીઓની સંખ્યા વધતાં તંત્રની ચિંતા વધી છે. આજે નોંધાયેલા ૩ એ દર્દી લોકલ ટ્રાન્સમિશનથી સંક્રમિત થયાનું પ્રાથમિક તપાસમાં જણાયુ છે. ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

## ભારતનું પ્રથમ સૌર ઉર્જા સંચાલિત મોઢેરા ગામ

### પ્રધાનમંત્રી આજે ૧૫ એમ.એચ.ડબલ્યુની બેટરી સ્ટોરેજ સીસ્ટમ પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પણ કરશે



મહેસાણા જિલ્લામાં આજે ૦૯ ઓક્ટોબરના રોજ દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી મોઢેરા-દેલવાડા ખાતે રૂપિયા ૩૦૯૨ કરોડના વિકાસ કામોના ખાતમુર્હુત અને લોકાર્પણ કરવાના છે. જેમાં રૂપિયા ૧૧૪૬.૬૮ કરોડના ખર્ચે ૦૯ વિકાસ કામોના લોકાર્પણ અને રૂપિયા ૧૯૪૫.૩૪ કરોડના ખર્ચે ૦૫ વિકાસ કામોના ખાતમુર્હુત કરનાર છે

અત્રે ઉલ્લેખનીય છે કે દેશના પ્રધાનમંત્રી ભારતનું સૌર ઉર્જા સંચાલિત પ્રથમ ગામ-મોઢેરા અને ૧૫ એમ.એચ.ડબલ્યુની બેટરી સ્ટોરેજ સીસ્ટમ પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પણ કરનાર છે. ઉર્જા અને પેટ્રોકેમીકલ વિભાગ દ્વારા તૈયાર થયેલ પ્રોજેકટથી આખું મોઢેરા ગામ હવે પરંપરાગત કોલસા આધારિત વીજળીના ભારણમાંથી મુક્ત થઈ ગયું છે

આ પ્રોજેક્ટ થકી સ્માર્ટ એનર્જી ઘટકોમાં મોઢેરાના ઈલેક્ટ્રિક ગ્રાહક સ્તરે સ્માર્ટ એનર્જી મીટર (૧૭૦૦ થી વધુ નંગ)ની સ્થાપના, મોઢેરા સૂર્ય મંદિર ખાતે SCADA આધારિત સ્માર્ટ એનર્જી સેન્ટર (અર્થઘટન કેન્દ્ર કમ મ્યુઝિયમ), 150 kWh બેટરી સ્ટોરેજ સાથે 50 KW સોલાર પાર્કિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, મોઢેરા સૂર્યમંદિર ખાતે ઈલેક્ટ્રિક ચાર્જિંગ સ્ટેશન, મોઢેરા સૂર્ય મંદિર પાસે સેન્સર આધારિત સ્માર્ટ સ્ટ્રીટલાઈટ સહિત માટે સમગ્ર પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ રૂ. ૮૦.૬૬ કરોડ થયેલ છે

## સે-૩ બીમાં ઘર આંગણે ગટર ઉભરાવાથી અસહ્ય ગંદકી

### ફરિયાદનુ નિરાકરણ આવતુ નથી : સેકટરમાં છેલ્લા કેટલાક દિવસોથી ગટર ઉભરાતા દુષિત પાણીનો ભરાવો થાય છે : ફરિયાદ કરવા છતા કોઇ પગલા લેવાતા નથી

ગાંધીનગર તા ૮

ગાંધીનગર શહેરમાં એકબાજુ નવી ગટર લાઈન નાંખવાની કામગીરી ચાલી રહી છે. ત્યારે સેકટરોમાં હજુ પણ ગટરો ઉભરાવાની ફરિયાદો સતત ઉઠતી રહે છે. સેકટરોમાં વારંવાર ગટરોના દુષિત પાણી ફરી વળતા સ્થાનિકો પણ તોબા પોકારી જાય છે. અસહ્ય દુર્ગંધયુક્ત વાતાવરણથી ગુંગળામણ અનુભવતા સેકટરવાસીઓની ફરિયાદનુ પણ ઝડપથી નિરાકરણ આવતુ નથી. સે-૩ બી માં પણ આવી જ ફરિયાદ સ્થાનિકો માટે રોષનુ કારણ બની છે.

શહેરમાં હાલ સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે પાણી તેમજ ગટરની નવી લાઈન નાંખવાની કામગીરી ચાલી રહી છે. સેકટરોમાં નવી લાઈન નાંખવા માટે ઠેર ઠેર ખોદકામ પણ કરવામાં આવી રહ્યુ છે. દાયકાઓ જુની પાણી ગટરની નવી લાઈન નાંખવામાં આવ્યા બાદ સેકટરવાસીઓની ફરિયાદોનો અંત આવશે તેમ પણ મનાઈ રહ્યુ છે. શહેર અસ્તિત્વમાં આવ્યુ ત્યારથી હજુ ગટર લાઈનનો પ્રોજેકટ પુર્ણ થતા બે વર્ષ જેટલો સમય લાગે તેમ છે. પરંતુ હાલમાં સેકટરોમાં



અત્યાર સુધી નાના ડાયામીટર વાળી લાઈન કાર્યરત છે. અલબત્ત સેકટરની વધતી વસતી અને વિકાસના અંતે પણ માળખાગત સુવિધાઓ હવે અપગ્રેડ કરવામાં આવી રહી છે. આ સ્થિતિ વચ્ચે છાશવારે ગટરો ઉભરાતા સ્થાનિકો માટે મોટો શિરદર્દ ઉભો થાય છે. સે- ૩ બી માં પણ છેલ્લા કેટલાક દિવસોથી ગટરોનુ દુષિત પાણી રોજબરોજ ઘર આંગણે ઉભરાય

● અનુસંધાન પાન-૭ પર

## ૩૫૦ કરોડનું ૫૦ કિલો હેરોઈન પકડાયું : છની ધરપકડ

### ભારતીય કોસ્ટ ગાર્ડ અને ગુજરાત ATSનું ઓપરેશન : ICG જહાજોએ તોફાની દરિયા અને ખરાબ હવામાન વચ્ચે બહાદુરી બતાવતા આ જહાજની ઝડપી પાડ્યું હતું

અમદાવાદ,તા.૮

ભારતીય કોસ્ટ ગાર્ડ અને ગુજરાત ATS દ્વારા મોટું ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. ari જહાજે ATS ગુજરાત સાથેના સંયુક્ત ઓપરેશનમાં ૦૬ ક્રૂ મેમ્બર સાથે ૫૦ કિલો હેરોઈન ઝડપી પાડવામાં આવ્યું છે. આ સાથે પાકિસ્તાની બોટ અલ-સાકરને IMBL નજીકથી આજે સવારે ૩૫૦ કરોડ રૂપિયાની માર્કેટ કિંમતના ૫૦ કિલો હેરોઈન સાથે ઝડપી પાડવામાં આવી છે. ICG જહાજોએ તોફાની દરિયા અને ખરાબ હવામાન વચ્ચે બહાદુરી બતાવતા આ જહાજની ઝડપી પાડ્યું હતું. આ બોટને વધુ તપાસ માટે જખૌ લાવવામાં આવી રહી છે. ત્યા તેની સંપૂર્ણ તપાસ કરવામાં આવશે અને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. માહિતી પ્રમાણે અલ-સાકાર નામની પાકિસ્તાની બોટ સાથે ૬ પાકિસ્તાની નાગરિકની ધરપકડ કરવામાં આવી છે. મળતી માહિતી પ્રમાણે ભારતીય કોસ્ટ ગાર્ડ સાથે એટીએસે છેલ્લા એક વર્ષમાં આ છઠ્ઠું ઓપરેશન પાર પાડ્યું છે. ઉલ્લેખનીય છે કે ૧૪ સપ્ટેમ્બરના રોજ પાકિસ્તાની બોટમાંથી આશરે ૨૦૦ કરોડની કિંમતનું ૪૦ કિલો હેરોઈન પકડવામાં આવ્યું હતું. એટલે કે તે ઓપરેશનના એક મહિના કરતાં ઓછા સમયમાં બીજું ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. ભારતીય કોસ્ટ ગાર્ડ અને ATSએ ખરેખર સિનર્જી અને જોઈન્ટમેનશિપનું ઉત્તમ ઉદાહરણ સ્થાપિત કર્યું છે. ભારતીય કોસ્ટ ગાર્ડ અને ATSની આવી કામગીરી ખરેખર બીરદાવવા લાયક છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com